કેદીઓ માટે જેલમાં ટેલિફોન બૂથની
સુવિધા શરૂ કરવા બાબત.

# ગુજરાત સરકાર

## ગૃહ વિભાગ

ક્રમાંકઃજલક/૧૭૨૦૦૮/૪૨૨૫/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૭/૦૧/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

**(૧) ગૃહ વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૦નો સમાનાંકી ઠરાવ.**

**(૨) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય , અમદાવાદના તા.૦૩/૦૯/૨૦૧૩ના પત્ર ક્રમાંકઃખાસ/૧/૮૪૯/૨૦૧૩**

**<u>ઠરાવઃ</u>**

રાજ્યની જેલમાં રહેલ કેદીઓ દ્વારા મોબાઇલ ફોનના અનધિકૃત ઉપયોગ ઉપર નિયંત્રણ લાવી શકાય તે માટે તેમજ જેલના કેદીઓનો સંપર્ક તેમના નજીકના કુટુંબના સભ્યો સાથે જળવાઇ રહે તે હેતુસર પ્રાયોગિક ધોરણે નિયત શરતોને આધીન સંદર્ભ ક્રમાંકઃ(૧)ના ઠરાવથી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ટેલિફોનની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવેલ. જેની ફલશ્રુતિ સ્વરૂપ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે કેદીઓની મુલાકાતે આવનાર મુલાકાતીઓની સંખ્યામાં અસરકારક ઘટાડો નોંધાયેલ હોવા ઉપરાંત ટેલિફોનિક સુવિધા જેલોની શિસ્ત અને સલામતિના પરીપ્રેક્ષ્યમાં સફળ અને લાભદાયી પૂરવાર થયેલ છે. જેના પરિણામ સ્વરૂપ જેલમાં અનધિકૃત ચોરીછૂપીથી મોબાઇલ ફોનના થતા ઉપયોગમાં પણ મહદઅંશે ઘટાડો થયેલ છે. જે હકીકતને ધ્યાને લઇ રાજ્યની અન્ય મધ્યસ્થ/જિલ્લા/ખાસ જેલો ખાતે પણ ટેલિફોનિક બૂથ શરૂ કરવાની દરખાસ્ત જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીએ સંદર્ભ ક્રમાંકઃ(૨)થી કરેલ છે.

**૨.** જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, અમદાવાદની ઉક્ત દરખાસ્ત અંગે કાળજીપૂર્વકની વિચારણા બાદ રાજ્યની તમામ મધ્યસ્થ જેલ, જિલ્લા જેલ તથા ખાસ જેલ ખાતે ટેલિફોનિક બૂથની વ્યવસ્થા શરૂ કરવા માટે નીચે જણાવેલ શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

(૧) ટેલિફોન બૂથ પરથી ટેલિફોનથી વાતચીત કરવા માટેનો દરરોજનો નિર્ધારિત સમયગાળો સવારના ૧૦ થી ૧૨ વાગ્યા સુધી અને બપોરના ૧૫.૦૦ થી ૧૭.૦૦ કલાકનો રહેશે.

(૨) કેદીઓ ટેલિફોનથી ફક્ત તેમના અતિ નજીકના સગાઓ, વકીલો તથા મિત્ર સાથે વાત કરી શકશે. સરકારી કચેરીઓ કે પ્રાઇવેટ એજન્સીની વ્યકિતઓ સાથે વાતચીત કરવાનો પ્રતિબંધ મુકવાનો રહેશે. કેદીઓએ આ સુવિધાનો લાભ મેળવવા માટે પોતાના નજીકના કોઇપણ બે સગાઓના નામ સરનામા તથા ટેલિફોન નંબરો આપવાના રહેશે.

(૩) એક કેદીને અઠવાડિયામાં ફક્ત ૨(બે) વખત ટેલિફોનથી વાતચીત કરવાની મર્યાદા નક્કી કરવાની રહેશે. ખાસ કારણોસર વાતચીત કરવાની આવશ્યકતા જણાશે તો અધિક્ષક સ્વવિવેકાનુસાર મંજૂરી આપી શકશે.

(૪) ટેલિફોનથી વાતચીત કરવાની મહત્તમ અવધિ ૫ (પાંચ) મીનીટની રહેશે. આ નિયત અવધિ કરતાં વધુ વાતચીત કરવાની છૂટ આપી શકાશે નહિ.

(૫) ટેલિફોન બૂથ માટેનું જોડાણ BSNL લેન્ડલાઇન STD સુવિધાવાળું લેવાનું રહેશે, અને ભારત દેશ પૂરતી વાતચીત કરી શકાશે. ભારત દેશ બહાર વાતચીત થઇ શકશે નહિ. આ જોડાણ ફક્ત આઉટ ગોઇંગ પૂરતું સીમિત રાખવાનું રહેશે.

(૬) ટેલિફોન બૂથના ઇન્ચાર્જ તરીકે જેલર ગ્રુપ-૨ અથવા ગાર્ડીંગ સ્ટાફના કર્મચારીને રાખવાના રહેશે અને તેઓના ઓબ્ઝર્વેશન નીચે અને હાજરીમાં કેદી વાતચીત કરી શકશે. તેઓએ કેદી પાસેથી ટેલિફોન નંબર મેળવી, ડાયલ કરી સામેના વ્યક્તિ સાથે કનેક્ટ કરી, ખાતરી કર્યા બાદ કેદીને ટેલિફોન વાતચીત કરવા માટે આપવાનો રહેશે.

(૭) કેદીઓ પાસેથી ટેલિફોન કોલ ચાર્જ, મોનીટરીંગ મશીનમાંથી આઉટપુટ સ્લીપમાં જણાવ્યા મુજબની રકમની વસુલાત રાઉન્ડ ફીગરમાં કેન્ટીન કુપનમાંથી કરવાની રહેશે.

(૮) ટેલિફોન કાર્યરત થયા બાદ કેદીઓ દ્વારા જેલમાં બનતી ઘટનાઓની માહિતીની આપ-લે, જેલ વહીવટ સુરક્ષા વિરુદ્ધની, રાજ્ય કે દેશ વિરોધી, ધમકી ભાષામાં કોઇપણ પ્રકારની ગુનાહિત વાતચીત કરી શકશે નહિ, અને આવી બાબત ધ્યાન પર આવે તો તુરત જ ટેલિફોન ડીસકનેક્ટ કરી વાતચીત અટકાવી કસૂરદાર કેદી સામે જેલ મેન્યુઅલની જોગવાઇ અનુસાર જેલ શિક્ષાઓ કરવાની રહેશે.

(૯) ટેલિફોન બૂથ પર ટેલિફોન મારફતે થતી તમામ વાતચીતનું રેકોર્ડીંગ કરવાનું રહેશે અને દરેક કોલની નોંધ રજીસ્ટરમાં કરવાની રહેશે ઉપરાંત કોમ્પ્યુટરમાં અલગ સોફટવેરમાં તમામ કોલનો ડેટા રાખવાનો રહેશે.

(૧૦) ટેલિફોન બૂથની બહાર ટેલિફોનથી વાતચીત કરવા અંગેની સૂચના આપતું બોર્ડ કેદીઓની જાણકારી માટે રાખવાનું રહેશે.

(૧૧) ફક્ત પ્રથમ વખત સજા પામેલ અને પ્રથમ વખત ગુન્હામાં સંડોવાઇને જેલમાં આવેલ કાચા કામના કેદીઓને જ આ સુવિધાનો લાભ મળવાપાત્ર થશે.

(૧૨) નીચે મુજબના ગુનામાં સંડોવાયેલ કાચા કામના કે પાકા કામના કેદીઓને ટેલિફોનિક બૂથની સુવિધામાંથી બાકાત રાખવાના રહેશે.

- રાષ્ટ્રીય સુરક્ષાધારા તેમજ રાજ્ય /રાષ્ટ્ર વિરુદ્ધના ગુના,
- સમાજ તથા દેશ/રાજ્યના અર્થતંત્રમાં અરાજક્તા ફેલાવવાના ગુના,
- આતંકવાદી ગુનાઓ,
- ધાક ધમકી આપી, ખંડણી માટે કરેલ અપહરણના ગુના તેમજ તે હેતુસર કરેલ ખૂનના ગુના
- એસિડ એટેકના ગુના,
- એક કરતાં વધારે ખૂનના ગુના,
- ધાડ અને લૂંટના ગુના,
- ધાડ કે લૂંટના ઇરાદે કરેલ ખૂનના ગુના,
- બળાત્કાર, સામૂહિક બળાત્કાર, ગેંગના ગુના,
- આંતરરાષ્ટ્રીય ગુનેગારો/કેદીઓ,
- એનએસએ, પાસા, હેઠળના અટકાયતીઓ,
- ટાડા, પોટા હેઠળના ગુના,
- અનલોફૂલ એક્ટીવીટીઝ (પ્રિવેન્શન) એક્ટ, એનડીપીએસ એક્ટ, ધી કન્ઝરર્વેશન ઓફ ફોરેન એક્ષચેન્જ એન્ડ પ્રિવેન્શન ઓફ સ્મગલીંગ એકટીવીટી એકટ, આર્મ્સ એન્ડ એકસ્પ્લોઝીવ એકટ, ઉપરાંત દેશદ્રોહની કલમો લાગેલી હોય તેવા કાચા-પાકા કામનાં કેદીઓ

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે**

**(ધીમંત એ. પટેલ)**
**ઉપ સચિવ**
**ગૃહ વિભાગ**

**પ્રતિ,**

- જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટ જનરલ, ગુજરાત રાજ્ય , અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર .
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર, અમરેલી, મહેસાણા, પાલનપુર, પોરબંદર, કચ્છ-ભૂજ
- અધિક્ષકશ્રી, તમામ મધ્યસ્થ/જિલ્લા/ખાસ જેલ/સબ જેલ.**(જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)**.
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ